જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૯/૨૦૧૭ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૭૮૧/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૩૩ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૪૫૨ લીટર દેશી દારૂ, ૨૧૧ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩ બિયર ટીન, ૨ કાર, ૧ રિક્ષા અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૧૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૮૨/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠલ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૭૮૩/૧૭**

**નરોડાઃ** કૈલાસબહેન વા/ઓ વાસુદેવભાઇ જોષીની વિધવા પત્ની (ઉ.વ.૬૫) (રહે. ડાહ્યાલાલપાર્ક વ્યાસવાડીની સામે નરોડા) તા.૩/૯/૧૭ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે નરોડા હરિદર્શન ચાર રસ્તા પાસે આવેલ એએમટીએસ બસ સ્ટેન્ડ, રાધે ડુપ્લેક્ષ સામેથી કૈલાસબહેન પસાર થઈ રહ્યા હતા ત્યારે બે અજાણ્યા પુરૂષો કૈલાસબહેન પાસે આવી પૈસાનુ બંડલ બતાવી મદદ કરવાનુ કહી વિશ્વાસમાં લઈ રિક્ષામાં બેસાડી કૈલાસબહેનના દાગીના સોનાની બંગડી કિમત રૂપિયા ૯૦,૦૦૦/-, સોનાની બુટ્ટી નંગ-૨ કિમત રૂપિયા ૪૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૫૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૩૫,૦૦૦/- મતા થેલામાં મુકાવી જે થેલો એ જ રિક્ષામાં મુકાવી કૈલાસબહેનને બીજી રિક્ષામાં બેસાડી દાગીનાનો થેલો લઈ નાસી જઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ અંગેની ફરીયાદ કૈલાસબહેને નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.પી.સોલંકી ચલાવે છે.

**ચોરીઃ- સમાચાર યાદી નં.૧૭૮૪/૧૭**

**પાલડીઃ** કાંતિભાઈ કાળાભાઈ પરમાર (રહે. નવ જ્યોત અંધજન મંડળ શિવમ વાસણ ભંડારની ઉપર ખોડીયાર ચોક ખોડીયાર માતાના મંદીર પાસે પાલડી) એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨/૯/૧૭ થી તા.૩/૯/૧૭ કલાક ૬/૦૦ વાગ્યા દરમ્યાન પાલડી ગામ નવ જ્યોત અંધજન મંડળના ખુલ્લા હોલમાંથી મોબાઈલ ફોન નંગ-૯ કિમત રૂપિયા ૩૫,૫૦૦/- અને રોકડ રૂપિયા ૨૫૦૦/- મળી કુલ રૂપિયા ૩૮,૦૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પોસઈ એમ.એમ.સિંધી ચલાવે છે.

<u>આત્મહત્યાઃ-</u> <u>**સમાચાર યાદી નં.૧૭૮૫/૧૭**</u>

**નરોડાઃ** કાળુભાઇ પુજાજી ઠાકોર (ઉ.વ.૬૦) (રહે.સ્મશાન નજીક દહેગામરોડ નરોડા) એ અગમ્ય કારણસર તા.૧/૯/૧૭ કલાક ૧૧/30 વાગ્યાના સુમારે સ્મશાન પાસે ખેતરમાં ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જયાં સારવાર દરમ્યાન તા.3/૯/૧૭ કલાક ૬/30 વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુંઆ અંગે નરોડા પોલીઅસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભીખાભાઇ જીવાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.